પાવનધામ વીરપુરમાં દારૂની રેલમછેલ:સિક્સ લેન હાઈવેની કામગીરીના પ્લાન્ટ પાસે ખુલ્લેઆમ ધમધમતા દારૂના હાટડા

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા: મજૂરો ૫૦ રૂપિયાની પોટલીના નશામાં ચૂર થઈ કામ કરતા હોવાનો ઘટસ્ફોટ!

વીરપુર:જ્યાં દેશ-વિદેશથી લાખો શ્રદ્ધાળુઓ શીશ ઝુકાવવા આવે છે તેવા પૂજ્ય જલારામ બાપાના પવિત્ર ધામ વીરપુરમાં હાલ રાજ્યની દારૂબંધી નીતિના સરેઆમ ધજાગરા ઉડી રહ્યા છે. યાત્રાધામની ગરિમા લજવાય તે રીતે ખુલ્લેઆમ દારૂ નો વેપલો થઈ રહ્યો છે, જેતપુર રાજકોટ નેશનલ હાઈવે સીક્સ લેનની કામગીરી હાલ શરૂ છે ત્યારે એ સિક્સ લેન હાઈવેની કામગીરીના પ્લાન્ટ નજીક ખુલ્લેઆમ દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. સ્થાનિક પોલીસ તંત્રની કથિત ભ્રષ્ટ નીતિરીતિ અને હમાખોરીના પાપે ફાલેલા આ દારૂના દુષણ સામે હવે સ્થાનિકો અને શ્રદ્ધાળુઓમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દરોડા પાડે તેવી ઉગ્ર માંગ ઉઠાવી છે.વીરપુરમાં હાઈવે પર સિક્સ લેનની કામગીરી ચાલી રહી છે, પરંતુ આ સ્થળ હવે દારૂડિયાઓ અને બુટલેગરો માટે સ્વર્ગ સમાન બની ગયું છે. નેશનલ હાઈવે ઓથોરિટીની ના પ્લાન્ટની આસપાસ જાણે પાન-બીડીનો ગલ્લો હોય તેમ બુટલેગરો બિન્દાસ દારૂ વેચી રહ્યા છે. પરપ્રાંતીય મજૂરોને સાવ નજીવી કિંમતે અને હોમ ડિલિવરીની જેમ દારૂ મળી રહેતો હોવાથી, સવારથી સાંજ સુધી અહીં ધ્યાસીઓનો મેળાવડો જામતો હોય છે. પવિત્ર યાત્રાધામમાં પગ મૂકતાની સાથે જ શ્રદ્ધાળુઓને ભક્તિમય માહોલના બદલે દારૂની બદબૂ અને લથડિયા ખાતા શખ્સો જોવા મળતા હોવાથી ભાવિકોની લાગણી દુભાઈ રહી છે.

સૌથી મોટો સવાલ એ છે કે કોઈ ફરિયાદ ઉઠે ત્યારે દેખાવ પૂરતી કાર્યવાહી થાય છે અને ગણતરીના કલાકોમાં ફરી પાછો 'ધંધો' રાબેતા મુજબ ચાલુ થઈ જાય છે. વીરપુર હાઈવે પર ચાલતા આ ગોરખધંધાનો પર્દાફાશ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી છે. જેમાં કામ કરતા ડ્રાઈવરો તેમજ મજૂરો દિલીપસિંહ અને હરિનારાયણ કેમેરા સામે જ સ્વીકારી રહ્યા છે કે તેઓ કામ ચાલુ હોય ત્યારે જ દારૂ પીવે છે. ડ્રાઈવરો તેમજ મજૂરોએ બેધડક કહ્યું હતું કે, "દારૂ લેવા ક્યાંય જવું પડતું નથી, વેચવાવાળા અહીં જ આપી જાય છે. ૫૦-૫૦ રૂપિયાની પોટલીઓ પીને આ મજૂરો ભારે મશીનરી સાથે કામ કરે છે, અને બેફામ મસ મોટા ડમ્પરો ચલાવે છે,જેનાથી ભવિષ્યમાં કોઈ મોટી જાનહાનિ સર્જાય તો જવાબદાર કોણ? તેવો સવાલ પણ ઉભો થયો છે.

લઘુતમ ટેકાના ભાવે ઘઉંની સીધી ખરીદી માટે ખેડૂતોની ઓનલાઈન નોંધણી શરૂ

ગ્રામ્ય કક્ષાએથી ૧ માર્ચ સુધી નોંધણી કરાવી શકાશે: ૪ માર્ચથી ૧૫ મે દરમિયાન ઘઉંની ખરીદી કરાશે

રાજકોટ: ભારત સરકાર દ્વારા રવિ માર્કેટિંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે ખેડૂતો પાસેથી ઘઉંની લઘુતમ ટેકાના ભાવ રૂ. ૨૫૮૫ પ્રતિ ક્વિન્ટલના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવેલી છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. મારફતે ઘઉંની ખરીદી કરવામાં આવશે. આ માટે ખેડૂતોની ઓનલાઈન નોંધણી શરૂ કરવામાં આવી છે.

ખેડૂતો ગ્રામ્ય કક્ષાએથી વી.સી.ઈ. મારફતે ૧ માર્ચ ૨૦૨૬ સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકશે. ખેડૂત ખાતેદારોની નોંધણી બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા કરવામાં આવશે. જ્યારે ઘઉંની ખરીદી તા. ૪ માર્ચથી ૧૫ મે સુધી કરવામાં આવશે.

નોંધણી માટે પુરાવા તરીકે આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭/૧૨, ૮/અ, તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨, ૮/અમાં ન થઈ હોય તો તલાટીના સહી-સિક્કાવાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગતો માટે બેંકની પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક સાથે લાવવાના રહેશે. લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક ખેડૂતો માટે ઓનલાઈન નોંધણી ફરજિયાત હોવાથી, સંબંધિત ગ્રામ પંચાયતનો સંપર્ક કરવો.

નોંધણી કરાવેલા ખેડૂતોને એસ.એમ.એસ. મારફતે ખરીદીની જાણ કરાશે. ખરીદી વખતે આધાર કાર્ડ કે ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા જ જથ્થાની ખરીદી થશે. ડોક્યુમેન્ટ ખોટા અપલોડ કરાયા હશે તો ક્રમ રદ થઈ જશે અને ખરીદીની જાણ નહીં થાય. વધુ વિગતો માટે હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરી શકાશે, તેમ રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.ની યાદીમાં જણાવાયું છે.

મ્યુનિસિપલ કમિશનરની અચાનક ડામર કામગીરીની સ્થળ તપાસ

બેદરકારી સબબ એજન્સી, ડેપ્યુટી એન્જિનિયર અને ફીલ્ડ એન્જિનિયરને શો-કોઝ નોટીસ

રાજકોટ: રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરા દ્વારા શહેરમાં ચાલી રહેલી વિકાસ કામગીરીની ગુણવત્તા સુનિશ્ચિત કરવા હેતુસર આજે તા.૦૩-૦૨-૨૦૨૬ના રોજ અચાનક ફેરણી કરવામાં આવી હતી. આ ફેરણી દરમિયાન વોર્ડ નં. ૧૧ સ્થિત ભીમનગર ચોક ખાતે ચાલી રહેલી ડામર રોડની કામગીરીની સ્થળ પર જઈને વિસ્તૃત ચકાસણી કરવામાં આવી. ચકાસણી દરમ્યાન ડામર કામગીરીમાં બેદરકારી સબબ એજન્સી, ડેપ્યુટી એન્જિનિયર અને ફીલ્ડ એન્જિનિયર સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે.

ફેરણી દરમિયાન મ્યુનિસિપલ કમિશનરશ્રીએ ડામર જાડાઈ, સપાટી, મટિરિયલની ગુણવત્તા તથા ટેકનિકલ સ્પેસિફિકેશન મુજબ કામગીરી થઈ રહી છે કે નહીં તેની સ્વયં ચકાસણી કરી હતી. તપાસ દરમ્યાન કામગીરીમાં ગંભીર બેદરકારી તથા નિર્ધારિત ધોરણોનું પાલન ન થતું હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું હતું.ફેરણી દરમિયાન ડામર ગુણવત્તા, જાડાઈ, સપાટી તથા ટેકનિકલ માપદંડોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમ્યાન ડામર કામગીરીમાં ગંભીર બેદરકારી અને નિયમોના ઉલ્લંઘનનો પ્રાથમિક તારણ સામે આવતા, જવાબદાર કોન્ટ્રાક્ટર પ્રદીપ કન્સ્ટ્રક્શન સામે કડક વલણ અપનાવવામાં આવ્યું છે.ડામર કામગીરીમાં થયેલી ખામી તથા બેદરકારીને ધ્યાનમાં લઈ, પ્રદીપ કન્સ્ટ્રક્શનને ભવિષ્યમાં મહાનગર પાલિકાના કોઈપણ કામમાં ભાગ લેવા અયોગ્ય ઠેરવવા અંગે ડિબાર કરવાની કાર્યવાહી માટે શો-કોઝ નોટિસ આપવામાં આવી છે.આ ઘટનાના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ડેપ્યુટી એન્જિનિયર અને ૧૧ માસના કરાર આધારે ભરતી કરાયેલા ફિલ્ડ એન્જિનિયર શ્રી દીપકભાઈ વસંતભાઈ ભોજાણીને પણ શો-કોઝ નોટીસ આપવામાં આવેલ.

મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરાએ સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી કે શહેરમાં ચાલતી તમામ વિકાસ કામગીરીમાં ગુણવત્તા, પારદર્શકતા અને જવાબદારી અનિવાર્ય છે.

કેન્સર દિવસ વિશેષ : સરકારના RBSKના સથવારે ૧૬ વર્ષના કિશોરે કેન્સરને હરાવ્યું

"આર.બી.એસ.કે." અંતર્ગત રાજકોટ જિલ્લામાં ૪૨ બાળકોને મળી રહી છે કેન્સરની વિનામૂલ્યે સારવાર

રાજકોટ:રાજકોટના ખીરસરા ગામમાં સામાન્ય પરિવારમાં ઉછરેલો ૧૬ વર્ષનો કિશોરપચહેરા પર હંમેશાં સ્મિત, આંખોમાં સપના અને ભવિષ્ય માટે અનેક આશાઓ....પરંતુ આ કિશોરની તબિયત અચાનક નાદુરસ્ત રહેવા લાગી, રક્તકણો ઘટવા લાગ્યા અને રિપોર્ટ કરતા સામે આવ્યું બ્લડ કેન્સરપયુવાનીમાં પગલા માંડી રહેલા આ કિશોરની સામે જીવનની આકરી પરીક્ષા આવી.

આ સમાચાર સાંભળતાં જ પરિવાર માટે દુનિયા જાણે થંભી ગઈ. સિલાઈકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા તેનાં પિતાને દીકરાની બીમારી અને મોંઘી સારવારની ચિંતા એકસાથે ઘેરી વળી.

આવી વિકટ સ્થિતિમાં આશાનું કિરણ બન્યો સરકારશ્રીનો "રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ". કિશોરની શાળામાં આર.બી.એસ.કે.ની ટીમ દ્વારા કરવામાં આવેલી નિયમિત તપાસ દરમિયાન તેનાં લક્ષણો અસામાન્ય જણાયા, પરંતુ ટીમની સતર્કતા અને સંવેદનશીલતાના કારણે તેને સમયસર સારવાર મળી ગઈ.

કિશોરના પિતાએ લાગણીસભર શબ્દોમાં જણાવ્યું હતું કે, "મારો દીકરો અચાનક બીમાર રહેવા લાગ્યો, તેને સામાન્ય કામ કરવામાં પણ તકલીફ પડતી હતી અને થાક લાગતો હતો. તેની શાળામાં જયારે આર.બી.એસ.કે.ની ટીમ તપાસ માટે આવી ત્યારે મારા દીકરાના લક્ષણો અસામાન્ય લાગતા તેને રિપોર્ટસ્ કરાવવા માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો ત્યારબાદ તેને અમદાવાદ આસારવા સિવિલ હોસ્પિટલમાં રિફર કરાયો. ત્યાં ૬ મહિના સુધી તેની સારવાર ચાલી, અને હવે મારો દીકરો સંપૂર્ણ સ્વસ્થ છે. હું આર.બી.એસ.કે.ની ટીમ, જિલ્લા આરોગ્ય વિભાગ અને સરકારનો ખૂબ આભારી છું કે, જેનાં થકી મારો દીકરો આજે તંદુરસ્ત જીવન જીવી રહ્યો છે અને આ તમામ સારવાર માટે અમારે એકપણ રૂપિયાનો ખર્ચ કરવો પડ્યો નથી."

કિશોરના માતાએ લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "મારા દીકરાને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ થકી નવો જન્મ મળ્યો છે. છ મહિના સુધી ચાલેલી લાંબી અને કઠિન સારવાર દરમિયાન મારા દીકરાએ હિંમત હારી નથી."

લોધિકા તાલુકામાં આર.બી.એસ.કે. ડોક્ટર શાહિન અઘામે આ અંગે વધારે માહિતી આપતા ઉમેર્યું હતું કે, "આર.બી.એસ.કે. અંતર્ગત નવજાત શિશુથી લઈ અઢાર વર્ષ સુધીના શાળાએ જતા અથવા ન જતા તમામ બાળકોના આરોગ્યની પ્રાથમિક ચકાસણી તેમજ સુપર સ્પેશ્યાલિસ્ટ સુધીની સારવાર વિનામૂલ્યે કરવામાં આવે છે. બાળકોને જન્મજાત ખામી, બાળકોના વિકાસમાં વિલંબ કરતા રોગ તેમજ ગંભીર પ્રકારના રોગ સહિત હૃદય, કેન્સર, ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ સહિત તમામ બીમારીમાં ત્વરિત સારવાર અને નિદાનનો અભિગમ અપનાવવામાં આવે છે. બાળકોના આરોગ્યની તપાસ કરી જે-તે સ્થળે પ્રાથમિક સારવાર આપવામાં આવે છે, ત્યારબાદ જરૂર જણાયે પ્રાથમિક કે સામુહિક આરોગ્ય કેન્દ્ર અને જિલ્લા સ્તરે સિવિલ હોસ્પિટલ અને જિલ્લા બહારની મોટી હોસ્પિટલમાં પણ રિફર કરવામાં આવે છે." તેમણે વધુમાં કહ્યું હતું કે, "આ જ પ્રકારના એક આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમિયાન આ કિશોરની તબિયત નાદુરસ્ત જણાતા તેને રાજકોટ સિવિલ ખાતે સારવાર અપાવી વધુ સારવાર માટે અમદાવાદ દાખલ કરવામાં આવ્યો હતો. ત્યાં સારવાર પૂર્ણ કર્યા બાદ આ કિશોર હવે સ્વસ્થ જીવન પસાર કરી રહ્યો છે. રાજકોટ જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ, આર.બી.એસ.કે. લોધિકામાં ફરજ બજાવતા ડો. મોહિતસિંહ જાડેજા, શ્રી ખુશ્બુબેન સિંગલ અને શ્રી નિખિલભાઈના સંયુક્ત પ્રયત્નોના પરિણામે આ કિશોરને સ્વસ્થ જીવન મળ્યું છે."

પ્રેમ લગ્ન બાદ પતિના તિરસ્કારનો ભોગ બનેલ પત્નીનું પરિવાર સાથે સુખદ મિલન કરાવી આપતું સખી વન સ્ટોપ સેન્ટર

રાજકોટ: પ્રેમ લગ્નમાં મોહ ભંગ થવાના અનેક કિસ્સા સમાજમાં જોવા મળે છે. જેમાં હાલમાં એક યુવતીને પ્રેમ લગ્નનો કડવો અનુભવ થતા પતિથી દૂર ભાગી રાજકોટ આવેલી પરણિતાને તેના પતિ સાથે સમજાવટથી પુનઃ મિલન રાજકોટની અભયમ ટીમે કર્યું છે.

આ કિસ્સામાં પરિવારની મરજી વિરુધ્ધ પ્રેમ લગ્ન કરી રહેતી ૨૦ વર્ષીય યુવતી તેના પતિ અને પરિવાર સાથે ખેડા જિલ્લાના ફાગવેલ ગામે રહેતી હતી. શરૂઆતમાં તેમનો ગૃહ સંસાર સારો ચાલતો હતો. પરંતુ લગ્નના છ માસ બાદ પતિ અને તેમના પરિવારના તિરસ્કારનો ભોગ બનવા લાગી હતી.

આ મહિલાને સામાજિક કે અન્ય પ્રસંગમાં પણ સાથે નહીં લઈ જઈ તેના પતિ દ્વારા સતત ઉપેક્ષા કરવામાં આવતી હતી. જેના કારણે બંને વચ્ચે ઝગડાઓ વધતા જતા હતાં. પતિ દ્વારા ત્રાહિત મહિલાને માર મારતા ભોગ બનનાર મહિલા ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળી ગયેલી. આ મહિલા ખેડાથી બસમાં એકલી બેસી રાજકોટ આવી ગયેલી. અહીં તેનું કોઈ અંગત ના હોઈ રાજકોટ બસ સ્ટેન્ડ પર જ રોકાઈ ગયેલી. ચિંતિત અને એકલી રડતી મહિલાને જોઈ સ્થાનિક લોકો દ્વારા ૧૮૧ પર અભયમને જાણ કરવામાં આવી હતી.

અભયમ ટીમ દ્વારા મહિલાની સુરક્ષાને ધ્યાને ધ્યાને રાખીને રાજકોટ સખી વન સ્ટોપ સેન્ટર ખાતે લઈ જવામાં આવી હતી. જ્યાં તેનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાએ તેમના લગ્ન જીવનમાં ચાલી રહેલા સંઘર્ષની વાત કરી હતી. સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા મહિલાના પતિને જાણ કરી તેમને બોલાવવામાં આવ્યા હતાં અને મહિલાને થતા અન્યાય અંગે સમજાવટ અને કાયદાકીય મદદ અંગે વાત કરી હતી. મહિલાના પતિએ તેની ભૂલ સ્વીકારી પુનઃ સ્વીકાર કરી હવે તેમને માનસિક કે શારીરિક ત્રાસ નહીં આપે તેમ બાંહેધરી આપી હતી. બંને તરફની સમજાવટ બાદ પતિ- પત્ની સાથે રહેવા તૈયાર થતા અરજદાર પત્નીને પતિ સાથે લઈ ગયેલા છે. સખી વન સ્ટોપ સેન્ટર અને અભયમની મદદથી ભોગ બનનાર મહિલાનો ગૃહ સંસાર ફરીથી સુખરૂપ રીતે આગળ વધે તે માટે માધ્યમ બન્યું છે.

નવી ૯ ટીપી સ્કીમ બનાવવા એજન્સી રોકાશે

રાજકોટ:રાજકોટ મહાનગરમાં ૪૦ જેટલી ટાઉન પ્લાનિંગ યોજનાઓને પ્રારંભિક મંજૂરી મળી છે ત્યારે બાકી ૧૯ પૈકી ૯ ટીપી સ્કીમ તૈયાર કરવા માટે એજન્સી રોકવા મહાપાલિકાએ આજે ટેન્ડર પ્રસિધ્ધ કર્યા છે. ટુંક સમયમાં આ કામ સોંપવામાં આવ્યા બાદ નવી સ્કીમની તૈયારી શરૂ થશે તેમ સુત્રોએ જણાવ્યું છે. અત્યાર સુધીમાં મહાનગરપાલિકાએ કુલ અલગ અલગ વિસ્તારોની ૫૯ ટીપી સ્કીમનો ઈરાદો જાહેર કરતા ૪૦ ટીપી સ્કીમ પ્રારંભીક રીતે મંજૂર કરાઈ છે અને ૧૯ ટીપી સ્કીમનો ડ્રાફ્ટ મંજૂર થઈ ગયો છે. જેનો આખરી તબકકો બાકી છે. હવે કોર્પો.ની હદમાં નવા ભળેલી ગ્રામપંચાયતોમાં વિકાસના કામોની ઝડપ વધારવા માટે નવી ટીપી સ્કીમ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.ચાલુ વર્ષે હજૂ સુધી એક પણ ટીપી સ્કીમ મંજૂર થઈ નથી આથી ડ્રાફ્ટની કામગીરી ઝડપી થઈ શકે તે માટે ડીજીપીએસ મશીનથી માપણી કરી નગરરચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની અને રેકોર્ડ તૈયાર કરવાની તથા માપણી રેકોર્ડ પ્રમાણીત કરવા અંગેની કામગીરી અને સર્વે તેમજ ડીમાર્કેશન સંબંધીત કામગીરી માટે એજન્સીને ૫ વર્ષના સમયગાળા માટે કામ સોંપવામાં આવશે. જેના માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

કોર્પો.ની હદમાં ભળેલા વાવડી, કોઠારીયા અને મવડીની મોટાભાગની ટીપી સ્કીમનો ડ્રાફ્ટ તૈયાર થઈ ગયો છે. તેમજ અનેક ટીપી સ્કીમનો મંજૂરી મળ્યા બાદ રોડ તેમજ અનામત પ્લોટના કબજા લેવાઈ ગયા છે. હદમાં ભળેલા ગામોની બાકી રહેલી ટીપી સ્કીમો માટે માપણી, સર્વે અને ડીમાર્કેશન સહિતની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે.રૂડા વિસ્તારમાં આવતા અને નજીકના ભવિષ્યમાં રાજકોટ મહાનગરપાલિકાની હદમાં ભળી શકે તેવી ગ્રામપંચાયતોમાં આવતી અનેક ટીપી સ્કીમો માટેની કાર્યવાહી રૂડા દ્વારા શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

રાજકોટ રેલવે સ્ટેશન પર નુક્કડ નાટક દ્વારા ટિકિટ જાગૃતિનો સબળ સંદેશ

"મેરી ટિકિટ, મેરી શાન – વિકસિત ભારત માટે મારું યોગદાન" અભિયાન અંતર્ગત મુસાફરોને જાગૃત કરાયા

રાજકોટ:પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા રેલ મુસાફરોને યોગ્ય ટિકિટ લઈને મુસાફરી કરવા તથા ડિજિટલ રેલવે સેવાઓ અપનાવવા પ્રેરિત કરવાના ઉદ્દેશ્ય સાથે ૨૮ જાન્યુઆરીથી ૬ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી "મેરી ટિકિટ, મેરી શાન – વિકસિત ભારત માટે મારું યોગદાન" જન-જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત આજે રાજકોટ રેલવે સ્ટેશન પર રેલવે કર્મચારીઓ દ્વારા એક પ્રભાવશાળી નુક્કડ નાટક નું આયોજન કરવામાં આવ્યું હતું, જેણે મુસાફરો પર ઊંડી છાપ છોડી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં રાજકોટના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીના દ્વારા રાજકોટના માનનીય મેયર શ્રીમતી નયનાબેન પેઢડિયા સહિત અન્ય અતિથિઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રેલવે કર્મચારીઓ દ્વારા પ્રસ્તુત શેરી નાટક દ્વારા ટિકિટ વગર મુસાફરી કરવાના દુષ્પરિણામો અને માન્ય ટિકિટ સાથે મુસાફરી કરવાના મહત્વને અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યું હતું. મુસાફરો અને સ્ટેશન પર ઉપસ્થિત નાગરિકોએ આ નાટકને ખૂબ જ બિરદાવ્યું હતું.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના કાર્મિક વિભાગ દ્વારા "મેરી ટિકિટ, મેરી શાન – વિકસિત ભારત માટે મારું યોગદાન" વિષય પર રાજકોટ, જામનગર અને દ્વારકાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ માટે આયોજિત ચિત્રકલા અને સ્લોગન લેખન સ્પર્ધાના વિજેતાઓને માનનીય મેયર, ફ્લોર અને સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર દ્વારા મેરિટ પ્રમાણપત્ર અને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમને સંબોધતા માનનીય મેયર શ્રીમતી નયનાબેન પેઢડિયાએ મુસાફરો અને નાગરિકોને ટિકિટ લઈને જ મુસાફરી કરવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ટિકિટ લઈને મુસાફરી કરવી એ માત્ર કાયદાકીય જવાબદારી નથી, પરંતુ પ્રામાણિકતા, શિસ્ત અને જવાબદાર નાગરિક હોવાનું પ્રતીક છે. આ અભિયાન દ્વારા વિદ્યાર્થીઓ અને યુવાનોમાં પણ જવાબદાર મુસાફરીની ભાવના સુદ્રઢ કરવામાં આવી છે.

રાજકોટના ડિવિઝનલ રેલવે મેનેજરે આ જન-જાગૃતિ અભિયાનમાં સક્રિય ભાગીદારી બદલ માનનીય મેયરનો આભાર વ્યક્ત કર્યો હતો અને મુસાફરોને દેશહિતમાં હંમેશા યોગ્ય ટિકિટ લઈને મુસાફરી કરવા અપીલ કરી હતી.

વધુમાં, કોમર્શિયલ વિભાગના ટિકિટ ચેકિંગ સ્ટાફ દ્વારા મુસાફરોને રેલવન એપ વિશે માહિતી આપવામાં આવી હતી અને ડિજિટલ રેલવે સેવાઓનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ જન-જાગૃતિ કાર્યક્રમ ખાસ કરીને બાળકો અને વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી અનુભવ સાબિત થયો, જેનાથી તેમનામાં આત્મવિશ્વાસની સાથે સમાજ પ્રત્યે હકારાત્મક ભાગીદારીની ભાવના વિકસી છે. બાળકોને આ અભિયાન સાથે જોડીને રાજકોટ ડિવિઝને ભવિષ્યના જવાબદાર નાગરિકોના નિર્માણની દિશામાં એક પ્રશંસનીય પહેલ કરી છે.

આ પ્રસંગે સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીના, સિનિયર ડિવિઝનલ કાર્મિક અધિકારી શ્રી અમૃત સોલંકી, આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર શ્રી હિતેશ જોષી, પૂર્વ DRUCC સભ્ય શ્રી હેમભાઈ પરમાર સહિત કોમર્શિયલ અને કાર્મિક વિભાગના અનેક અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નિઃશુલ્ક આયુર્વેદિક અને મેડિકલ કેમ્પનું આયોજન

રાજકોટ: કાલાવડ રોડ ઉપર આણંદપર ખાતે આવેલી ગાર્ડી વિદ્યાપીઠ સ્થિત ગાર્ડી હોસ્પિટલ દ્વારા નંદીગ્રામ ચોક, નિકાવામાં આગામી તા. ૦૬ ફેબ્રુઆરી, શુક્રવારના રોજ સવારે ૦૯:૩૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા દરમિયાન નિઃશુલ્ક આયુર્વેદિક તથા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં આયુર્વેદના નિષ્ણાત ડો. ઉમેશ ડી. પંડયા (એમ.ડી. આયુર્વેદ), મેડિકલ નિષ્ણાત ડો. રિશીત જસાણી (એમ.બી.બી.એસ.), ડો. નેહા કણજારીયા (બી.એ.એમ.એસ.) તથા ડો. નેન્સી પંડયા (બી.એ.એમ.એસ.) પોતાની સેવાઓ આપશે. કેમ્પ દરમિયાન દર્દીઓને વિવિધ રોગોનું નાડી નિદાન, વિનામૂલ્યે તબીબી પરામર્શ, તેમજ રાહત દરે હૃદયના કાર્ડિયોગ્રામ અને ડાયાબિટીસની તપાસ જેવી સેવાઓ આપવામાં આવશે. ઉપરાંત, આયુર્વેદિક અને મેડિકલ દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવશે. સ્થાનિક નાગરિકોને આ નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ લેવા માટે આયોજકો દ્વારા વિનંતી કરવામાં આવી છે.

આ કેમ્પને સફળ બનાવવા માટે સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જય મહેતા અને ગાર્ડી હોસ્પિટલના પ્રિન્સિપાલ શ્રી રવિકાંત ગોયલના માર્ગદર્શન હેઠળ ઈન્ટર્ન ડૉ. કૃતજ્ઞ સાવલિયા તથા ડો. ધ્રુમી ભાલારા દ્વારા વિશેષ જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)